|| સનાતન પરમો ધર્મ ||

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

સોસીયલ મિડીયા

સનાતન ધર્મ પત્રિકા

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

● સં -૨૦૭૮ ● પોષ સુદ-૧૦ ●તા : ૧૨-૦૧-૨૨ ● બુધવાર SDP NO:631 MOB.:+91 7801877774,+91 7718977774 ankasantandharmpatrika@gmail.com

કચ્છના કનકપરની ગૌરવવંતી સિદ્ધિ : જળસંચય ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બદલ

પશ્ચિમ ભારતના બીજા નંબરના શ્રેષ્ઠ ગામ તરીકે પસંદગી

બે ટર્મથી મહિલાશાસિત સમરસ પંચાયત ધરાવતા અબડાસાના છેવાડાના ગામમાં સહિયારા પ્રયાસો રંગ લાવ્યા પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ અને જળસંચય ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બદલ કેન્દ્રના જળશક્તિ મંત્રાલયે રાષ્ટ્રીય પુરસ્કારની કરી જાહેરાત.

અબડાસા તાલુકામાં બે ટર્મથી મહિલા શાસિત સમરસ પંચાયત ધરાવતા છેવાડાના કનકપર ગામમાં સહિયારા પ્રયાસોથી પાણીની બચત સાથે જળસંચય માટે થયેલી શ્રેષ્ઠ કામગીરી બદલ કેન્દ્રીય જળશક્તિ મંત્રાલય દ્વારા પશ્ચિમ ભારતના બીજા નંબરના શ્રેષ્ઠ ગામ તરીકે પસંદગી કરાઇ છે અને શ્રેષ્ઠ ગ્રામપંચાયતના અવૉર્ડની જાહેરાત કરાઇ છે . રાજ્યમાં સૌથી ઓછા વરસાદવાળા જિલ્લા કચ્છમાં પીવા અને સિંચાઇ માટે પાણીની ખપત વધુ છે , એમાં વળી અબડાસાના છેવાડાનાં ગામોમાં તો પાણીના એક - એક ટીપાની કિંમત વિશેષ હોય છે .

મહિલાઓ અને ખેડૂતો જ પાણીની કિંમત સમજી શકતા હોય છે ત્યારે અબડાસામાં સતત બે ટર્મથી સરપંચથી લઇને સમગ્ર બોડી મહિલા સમરસ ધરાવતા ગામ કનકપરમાં સહિયારા પ્રયાસોથી ભૂગર્ભ જળ રિચાર્જ , સ્વચ્છતા , પાણીનો કરકસરયુક્ત ઉપયોગ વગેરે ક્ષેત્રે સહિયારા પ્રયાસોથી થયેલી શ્રેષ્ઠ કામગીરી બદલ કેન્દ્રીય જળશક્તિ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા ત્રીજા રાષ્ટ્રીય જળ પુરસ્કારમાં અબડાસાના કનકપરને પશ્ચિમ ભારતના બીજા નંબરના શ્રેષ્ઠ ગામ તરીકે પસંદગી કરાઇ છે અને શ્રેષ્ઠ ગ્રામપંચાયતના અવૉર્ડની જાહેરાત કેન્દ્રીય જળશક્તિમંત્રી ગજેન્દ્રસિંહ શેખાવતે કરી છે .

ભૂગર્ભ જળ ઊંચા લાવવા માટે કરાયાં છે આ કામો

ગામના પ્રગતિશીલ ખેડૂત અગ્રણી વાડીલાલભાઇ પટેલે જણાવ્યું હતું કે પાણીની બચત માટે ૨૦૦૫ થી ૧૦૦ ટકા ડ્રિપ ઇરિગેશનથી સિંચાઇ કરાય છે . વધુમાં ગામના ખેડૂતો દ્વારા પોતાનાં ખેતર તથા વાડીમાં તૂટી ગયેલા બોરવેલ રિચાર્જ કરવાની કામગીરી ૩૦ જેટલી અલગ અલગ જગ્યાએ વર્ષ ૨૦૧૯ થી કરાય છે , જેમાં દર વર્ષે અબજો લિટર પાણી જમીનમાં સંગ્રહ થાય છે . વાસ્મો યોજના અંતર્ગત પીવાના પાણીની યોજના , ઊંચી ટાંકી વગેરે બનાવી ગામમાં ૨૪ કલાક પાણી મળે છે . અને વાસ્મોના સહયોગથી ગટર યોજનાના તેમજ એસ.ટી.પી. (ગંદા પાણી શુદ્ધીકરણ પ્લાન્ટ) બનાવાયું છે , જેની ખાસિયત એ છે કે ગટરનું પાણી શુદ્ધ કરી ખેડૂતોને ખેતી માટે વાપરવામાં આવે છે .



કનકપર ગામ માં ચેક ડેમ દ્વારા જળસંચય

ઘરેઘરે વરસાદી પાણી સંગ્રહ અન્ડરગ્રાઉન્ડ ટાંકા તેમજ અગાસીથી ટાંકા સુધીની પાઇપલાઇનનું નેટવર્ક ગોઠવાયું છે , જેના દ્વારા વરસાદી પાણી સંગ્રહ કરી આખું વર્ષ વરસાદી પાણી પીવા માટે ઉપયોગમાં લેવાય છે ,

જે અદાજે ૮ લાખ લીટર જેટલું પાણી ૮૦ જેટલા ટાંકાઓમા સંગ્રહ કરાય છે આ કામગીરી વર્ષ ૨૦૧૯ થી કરવામાં આવે છે .વધુમાં દાતાઓ અને ગ્રામજનોના સહકારથી ગામનાં ત્રણ તળાવો ઊંડાં કરવામાં આવ્યાં છે .

અગાઉ પણ ગામને મળી ચૂક્યા છે આ પુરસ્કાર પૂર્વ રાષ્ટ્રપતિ એપીજે અબ્દુલ કલામના હસ્તે નિર્મળ ગામનો પુરસ્કાર , સીડમની અવૉર્ડ , ૨૦૧૦-૧૧માં તાલુકાની અને જિલ્લાની શ્રેષ્ઠ ગ્રામપંચાયત , ૧૦૦ ટકા ટપક સિંચાઇ , શ્રેષ્ઠ પાણી સમિતિ , ગૌચર જમીનના સંરક્ષણ અને વિકાસ માટે ગૌસેવા સમિતિને ૨૦૨૧ નો આંતરરાષ્ટ્રીય અવૉર્ડ ઉપરાંત શિક્ષણ ક્ષેત્ર સહિત આ ગામને અનેક અવૉર્ડ મળી ચૂક્યા છે .

૨૫૦ એકર ગૌચર જમીનમાં દેશી ઘાસનું વાવેતર કરાયું

ગામના વસંતભાઇ પટેલે જણાવ્યું હતું કે અગાઉ ગામમાં ગૌચર જમીન નીમ થયેલી ન હતી . ગામમાં ૪૦૦ જેટલું પશુધન છે ત્યારે ગ્રામપંચાયતે દાખલો બેસાડતાં ૨૫૦ એકર જમીન તા .૩૧ / ૮ / ૧૨ ના નીમ કરાવી છે , જે આખા અબડાસા તાલુકાનો એકમાત્ર કિસ્સો છે . વધુમાં , ગાયોને છાંયડો મળી રહે એ હેતુથી ગૌચર જમીનમાંથી ૨૦ એકરમાં વનીકરણ કરાયું છે. ઉપરાંત ૨૦૧૭ થી ગૌચર જમીનમાં કચ્છના દેશી ઘાસ , જેવા કે ઘામણ , જીજવો , કરળ , શનિયારનું વાવેતર કરાય છે . ઘાસવાળી ૫૦ એકર જેટલી જગ્યાને ફેનસિંગ દ્વારા રક્ષિત કરાઇ છે . વધુમાં ગૌચર જમીનમાં તળાવનું નિર્માણ કરાયું છે .

કનકપર ગામમાં ઘરે ઘરે મીટર સાથે પાણી કનેક્શન પાટીદાર અને અનુસૂચિત જાતિની વિશેષ વસતિ ધરાવતા ગામમાં પીવાના પાણી માટે ઘરે ઘરે નળ કનેક્શન અપાયું છે અને ૧૩૦ જેટલાં કનેક્શન સાથે એમાં મીટર પણ લગાવવામાં આવ્યાં છે.

૨૦ એકરમાં ઊભું કરાયું સ્વર્ણિમ વન

ગામની ૨૦ એકર જમીનમાં જંગલ ખાતાના સહયોગ લઇ "સ્વર્ણિમવન" પણ ઊભું કરવામાં આવ્યું છે. ઉપરાંત ૨૦૦૭ માં "વડીલ વન ઉપવન" ઊભું કરાયું, જેની માવજત માત્ર ને માત્ર ગામના વડીલો દ્વારા કરવામાં આવી રહી છે. પંચાયત દ્વારા ૧૦% લોકફાળો ભરીને સરકારમાંથી ૧૩૨ ડસ્ટબીન, ૦૨ ટ્રાઇસિકલ વસાવી, દરેક ઘરમાંથી કચરો એકઠો કરી એનું કમ્પોસ્ટ ખાતર તરીકે ઉપયોગ કરાય છે .

અદાણી ફાઉન્ડેશનને CSR પ્રવૃત્તિ માટે અવૉર્ડ

કેન્દ્રીય જળશક્તિ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા વિવિધ અવૉર્ડ પૈકી ગુજરાત અદાણી ફાઉન્ડેશનને બેસ્ટ ઇન્ડસ્ટ્રી ફોર સીએસઆર એક્ટિવિટી માટે પ્રથમ નંબરના અવૉર્ડની જાહેરાત કરાઇ છે. જળશક્તિ મંત્રાલય દ્વારા ૧૧ વિવિધ શ્રેણીઓમાં રાજ્યો , સંસ્થાઓ અને વ્યક્તિઓ વગેરેને પુરસ્કાર અપાય છે. જેમાં કનકપર નો સમાવેશ થયો છે.

વિદેશથી આવતા પ્રવાસીઓ માટે કડક નિયમો, આજથી ભારત આવનારા યાત્રીઓ માટે આટલા દિવસનું ક્વોરેન્ટાઇન ફરજીયાત

ભારતમાં છેલ્લા કેટલાક દિવસોથી કોરોના અને ઓમિક્રોનના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. આને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે વિદેશથી આવતા આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓ માટે નવી માર્ગદર્શિકા બહાર પાડી છે. આ અંતર્ગત વિદેશથી આવતા તમામ મુસાફરો માટે ૦૭ દિવસનું હોમ ક્વોરેન્ટાઇન જરૂરી રહેશે.

આ અંગે એક નિવેદન જાહેર કરીને આરોગ્ય મંત્રાલયે કહ્યું કે, આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓ માટે સંશોધિત માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે, જેથી કોરોનાના ઓમિક્રોન વેરિઅન્ટના સંક્રમણને રોકી શકાય. આરોગ્ય મંત્રાલયે કહ્યું કે, કોરોનાની ગંભીર સ્થિતિને ધ્યાનમાં રાખીને નિર્ણય લેવામાં આવ્યો કે વિદેશથી આવનાર લોકોને તાત્કાલિક બહાર જવાની કે ફરવાની પરવાનગી નથી. તેઓએ પહેલા હોમ ક્વોરેન્ટાઈનમાં રહેવું પડશે. આના આઠ દિવસ પછી ઈ-ઝઇ ટેસ્ટ કરાવવો જરૂરી રહેશે. ઉલ્લેખનીય છે કે સરકારે નવી ગાઇડલાઇન ગત સપ્તાહે બહાર પાડી હતી, પરંતુ આ માર્ગદર્શિકા આજથી અમલમાં આવી છે.

વિદેશથી આવતા પ્રવાસીઓ માટે નવી ગાઈડલાઈન

- તમામ મુસાફરોએ એર સુવિધા પોર્ટલ પર પોતાના વિશે સંપૂર્ણ અને સાચી માહિતી આપવાની રહેશે.

ગુજરાતમાં વધુ પ્રતિબંધો લદાયા, લગ્ન સમારોહ માટે ૧૫૦ વ્યક્તિની જ છૂટ, સામાજિક, ધાર્મિક અને રાજકીય સહિતના કાર્યક્રમોમાં પણ ૧૫૦ લોકોની મર્યાદા

રાજ્યમાં કોરોના વિસ્ફોટને પગલે સરકાર એક બાદ એક નવા નિયંત્રણો જાહેર કરી રહી છે . ૧૫ જાન્યુઆરીથી લગ્નસરા શરૂ થઈ રહ્યાં છે અને સરકારે ગાઇડલાઇન બદલી છે . લગ્ન સમારોહમાં હવે ૪૦૦ ને બદલે ૧૫૦ વ્યક્તિની જ છૂટ રહેશે.આમ રાજ્ય સરકારે ૪ દિવસ પહેલા જાહેર કરેલા નિયંત્રણોમાં ફેરફાર કરી પલટી મારી છે . મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને મળેલી કોર કમિટીની બેઠકમાં કેટલાક મહત્વના નિર્ણય લેવામાં આવ્યા છે . આ ફેરફારો આવતીકાલે એટલેકે તારીખ ૧૨ મી જાન્યુઆરી ૨૦૨૨ થી અમલમાં આવશે અને તારીખ ૨૨ જાન્યુઆરી ૨૦૨૨ ના સવારે ૦૬:૦૦ વાગ્યા સુધી અમલમાં રહેશે .

કોર કમિટીમાં લેવાયેલા આ નિર્ણય મુજબ રાજ્યમાં તમામ પ્રકારના રાજકીય , સામાજીક , શૈક્ષણિક , સાંસ્કૃતિક , ધાર્મિક કાર્યક્રમો જેવા જાહેર સમારંભો અને મેળાવડાઓમાં વધુમાં વધુ ૧૫૦ વ્યક્તિઓની મર્યાદા રહેશે . બંધ સ્થળોએ યોજાતા આવા સમારોહમાં જગ્યાની ક્ષમતા ના ૫૦ % પરંતુ વધુમાં વધુ ૧૫૦ વ્યક્તિઓની સંખ્યા માં યોજી શકાશે

ફોંડા(ગોવા) સમાજ દ્વારા પંચકુંડી મહાયજ્ઞ

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ અને નવચેતન યુવા મંડળ પોંડા ગોવા દ્વારા જન કલ્યાણ હેતુ, પંચકુંડી મહારુદ્ર યજ્ઞ નું આયોજન દ્વારકાપુરી ગૌસેવા આશ્રમ તિસ્ક ઉસગાવ ખાતે ખૂબ જ આનંદ ઉલ્લાસ અને ભક્તિભાવ પૂર્વક ઉજવવામાં આવ્યો હતો.

જેમાં D.M.G રિજીયનના ચિફ સેકેટરી કાંતિભાઈ રવજીભાઈ ઠાકરાણીની ખાસ ઉપસ્થિતિ સહિત ફોંડા સમાજના પ્રમુખ વિનોદભાઈ જાદવાણી, ઉપપ્રમુખ મણીલાલ છાભૈયા, મહામંત્રી દેવજીભાઈ ભગત, સહમંત્રી સંજયભાઈ દીવાણી,ખજાનચી હરિલાલ ધોળું, નવચેતન યુવક મંડળના પ્રમુખ સુરેશભાઈ જાદવાણી, ઉપપ્રમુખ સુરેશભાઈ પોકાર, મહામંત્રી પુરષોત્તમ જાદવાણી, સહમંત્રી દિનેશ છાભૈયા, ખજાનજી/પરશુરામ વિભાગના મહામંત્રી ચેતન ભીમાણી અને સમસ્ત સમાજની હાજરી હતી . હવનના મુખ્ય યજમાન પચાણ કેસરા જાદવાણી પરિવાર અને સહયજમાન સંજયભાઈ મુળજીભાઈ દીવાણી, દેવજીભાઈ લાલજીભાઈ ભગત, વાલજીભાઇ નારાયણભાઈ વાસાણી પરવરી ગોવા. દાનાભાઈ જસાભાઈ પોકાર પરિવાર. વિઠ્ઠલભાઈ જેઠાભાઈ પોકાર માપુસા હતા.

પ્રોગ્રામ નો પ્રથમ દિવસ તા. ૦૩/૦૧/૨૦૨૨.

૧) સવારના જળયાત્રા

૨) દેવો ની પૂજા :- શિવ પૂજા, નાગદેવતા પૂજા, ગૌપૂજા. ત્યાર બાદ હવન ની સુરુવાત બપોરે મહાપ્રસાદ, સાંજના ડાંડીયારાસનો આનંદ સહુએ રંગે ચંગે ઉજવ્યો.

તા.૦૪/૦૧/૨૦૨૨ હવન ની શુરૂઆત

બપોરે મહાપ્રસાદ, સાંજના ડાયરો જેમાં સુરીલા કલાકાર દેવિકાબેન રબારી દ્વારા મનોરંજન પૂરું પાડ્યું હતું.

તા. ૦૫/૦૧/૨૦૨૨ હવન ની શુરુઆત

બપોરે મહાપ્રસાદ ત્યારબાદ સંતોની અમૃતવાણી, સંત સાનિધ્ય- પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર, શ્રી **રવિશરણાનંદ ગિરિજી મહારાજ, કામધેનુ ગૌશાળા પાલનપુર ગુજરાત, પરમ પૂજ્યશ્રી ગોવિંદ વલ્લભદાસજી મહારાજ શ્રીપતિ ધામ નંદનવન, પિંડવાડા, રાજસ્થાન. વિશેષ અતિથિ એવા છગનશિંગ રાજપુરોહિત, વિધાયક આહોર રાજસ્થાન રાજ્ય સરકાર** પણ ખાસ ઉપસ્થિત હતા. સંતોના હસ્તે દાતાઓનુ સન્માન કરવામાં આવેલ હતું. આ મહાયજ્ઞ જન કલ્યાણ અને આરોગ્ય હેતુ કરવામાં આવેલ જે નો આનંદ ભાવ સહુ ને અતિ પ્રસનતા થયેલ.

YSK સહયોગનિધિ અર્પણ !

SABKKP યુવાસંઘ. મધ્ય મહારાષ્ટ્ર રિજીયન. નાશિક-નગર વિભાગ.

દિવંગત થયેલ "સ્વ. ચંદુભાઈ લીબાણી" (નાશિક) ના પરિવારજનોને આજ રોજ SABKKP યુવા સંઘ વતીપ **યુવા સુરક્ષા કવચ - YSK સહયોગનિધિ રૂ. ૩,૦૦,૦૦૦/- નો બીજો ચેક આપવામાં આવેલ.**

આ પ્રસંગે હાજર રહેલ સભ્યો :

પરિવારના સભ્યો.

MMR રીજીયન પદાધિકારીઓ

શ્રી ચેતનભાઈ માવાણી. (MMR રીજીયન IPC)

શ્રી અંબાલાલભાઈ પોકાર.(ઓશન કાઉન્સિલ PDO અગ્રિકલચર એન્ડ એન્વાયરમેન્ટ)

શ્રી ભાવીનભાઈ પોકાર.

(MMR રીજીયન સહ ખજાનચી)

શ્રી ધીરજભાઈ માકાણી.(નાશિક-નગર વિભાગ હેલ્થ એન્ડ ડિઝાસ્ટર કન્વિનિયર)

સાગરભાઈ ભાવાણી.PRO.

લાલબાગ સમાજ મહિલા મંડળનો પોગ્રામ બેંગલોર

તારીખ-૭-૧-૨૦૨૨ ને શુક્રવાર ના લાલબાગ મહિલા મંડળ બેંગલોર દ્વારા મેકઅપ વર્ક શોપનું આયોજન કરેલ. જેમાં દિપ પ્રાગટય સાથે લક્ષ્મીનારાયણ અને માં ઉમિયાના જય ઘોષ સાથે શરૂઆત કરેલ.

આ વર્ક શોપના Makeup Artist અંજનાબેન પટેલ મુંબઈ થી આવેલા વર્ક શોપ માં બેન દિકરીયો એ સારી સંખ્યામાં હાજરી આપી લાભ લીધેલ આને મહિલા મંડળના પ્રમુખ મંત્રી ના હસ્તે ભાગ લેનાર બેહનોને Certificate આપી વર્ક શોપનું સમાપન કરેલ.

રામસેતુ કાઉન્સિલ-૭૫ વડીલોને કોરોના વેક્સિનનો બૂસ્ટર

રામસેતુ કાઉન્સિલ-દક્ષિણ [illegible] રામ ડિવિઝન- શિંગોટા યુવામંડળની અનોખી પહેલ. શિંગોટા સમાજના ૬૦ વર્ષની ઉપરના ૭૫ વડીલોને કોરોના વેક્સિનનો બૂસ્ટર ડોઝ લગાવી સમાજના સર્વે વડીલોને કોરોના વાઈરસથી સુરક્ષિત કરી એક અદભુત પહેલ થકી બીજા મંડળોને પ્રેરણા આપવાનું કાર્ય કર્યું છે.

ટીમ દક્ષિણ ભારત રીજિયન શિંગોટા મંડળ ના સર્વે સદસ્યોને અભિનંદન સાથે વંદન કરે છે.



આજની ચિંતન કણિકા

આ જગતમાં ઘણા માણસો ક્રિયાશીલ છે, તો ઘણા કલાકાર પણ છે. કલાકાર પણ ક્રિયા તો કરે જ છે પણ દરેક ક્રિયાશીલ વ્યક્તિ કલાકાર હોતી નથી.

'ક્રિયા' અને 'કળા' આ બે શબ્દો સમાનાર્થી નથી.

There is a qualitative difference between Action and Art.

મુનિ ઉદયવલ્લભ વિજય મહારાજ સાહેબ કહે છે :

" 'ક્રિયા' અને 'કળા' વચ્ચે ગુણાત્મક ફરક છે. ક્રિયામાં જ્યારે કોઈ ચોક્કસ પ્રકાર કે પદ્ધતિ ભળે છે અને ક્રિયાને સુંદરતાનો ઓપ આપે છે પછી તે ક્રિયા કળાનો દરજ્જો પામે છે. ક્રિયા બધા પાસે હોઈ શકે છે, કળા બધે નથી હોતી." ક્રિયા માટે વિશેષ પ્રયત્નની જરૂર નથી.

કળા માટે વિશેષ પ્રયાસ, અભ્યાસ અને સાધના જરૂરી છે.શ્વાસોચ્છ્વાસ અને પ્રાણાયામ વચ્ચે ફરક છે.

સૂઈ જવું અને શવાસન કરવું એ બે જુદી બાબત છે.

ફૂદાકૂદી સાથે નાચ કરવો અને નૃત્ય વચ્ચેનો અર્થભેદ સમજાય તેવો છે.

હાથપગ બંનેમાં હલતા હોય છે અને છતાં એક ક્રિયા છે, બીજી યોગ કળા કહેવાય છે. બોલવું એ ક્રિયા છે, વક્તૃત્વ કળા છે. લીટા તાણવા એ ક્રિયા છે, લેખન કળા છે. ચિતરડા કરવા એ ક્રિયા છે અને ચિત્ર એ કળા છે. ખડકવું અને ગોઠવવું એ બે વચ્ચે ઢગલા અને display જેટલો ફરક છે. ગાડીને ઊભી રાખવી અને પાર્ક કરવી એમાં પણ ફરક છે.

આપણે આપણી પ્રત્યેક ક્રિયામાં અભ્યાસ, સુંદરતા અને સાધનાનાં તત્ત્વો ઉમેરી એને કળા બનાવી શકીએ.

મિશન અભિમન્યુ

શ્રી ઉમા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ

SUV International school.

ભાવભીની શ્રદ્ધાંજલી-સનાતન ધર્મ પત્રિકા

તારીખ : ૧૦/૦૧/૨૦૨૨ સોમવાર

સ્વ. લક્ષ્મીબેન કાંતિલાલ ભાવાણી ઉંમર : ૭૬ વર્ષ,

કચ્છમાં ગામ : મથલ કંપા માં ગામ : ઉમેદપુરા કંપા

હાલમાં : હૈદરાબાદ અવસાન કારણ : કોરોના

સ્વ.અનશુયાબેન મોહનલાલ(મનોજ) સેંઘાણી ઉંમર : ૪૯ વર્ષ

કચ્છ માં ગામ : મોટા આસંબીયા, વાડી વિસ્તાર (સ્થાનિક)

અત્યંત દુઃખદ અવસાન

તારીખ : ૧૧/૦૧/૨૦૨૨ મંગળવાર

સ્વ. કુંવરબેન માવજીભાઈ પારસીયા ઉંમર : ૮૨ વર્ષ,

કચ્છમાં ગામ : નાના અંગીયા હાલમાં : નાગપુર

અવસાન કારણ : કુદરતી, નૈસર્ગિક

પરમકૃપાળુ પરમાત્મા સદગતના દિવ્ય આત્મા ને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના, શ્રી સમાજ સનાતન ધર્મ પત્રિકાની પ્રચાર પ્રસાર સમિતિ દ્વારા ભાવ પૂર્ણ શ્રદ્ધાંજલિ ઊં શાંતિ શાંતિ શાંતિ ....